# એમ. આર. દેસાઇ આર્ટસ એંડ ઇ. ઇ. લહેર કોસડિયાં કોમર્સ કૉલેજ ચીખલી

પ્રો. ચેતનભાઈ ડી. પટેલ (ઇતિહાસ વિભાગ)

# પ્રમુખ ફ્રેંકલીન રૂઝવેલ્ટની ‘ન્યુડીલ’ નીતિ

# શરુઆતની કારકિર્દી

- ઇ.સ. 1910માં  ન્યુયોર્ક રાજ્ય ની સેનેટની ચૂંટણીમાં ચુંટાયા
- ઇ.સ. 1912માં વિલ્સનની પ્રમુખપદ ની વરણી ને ટેકો આપ્યો
- ઇ.સ. 1928 મા ન્યુયોર્ક રાજ્યનાં ગવર્નરપદે ચુંટાયા  અને ઇ.સ. 1930 માં ફરીથી આ પદ માટે ચુંટાયા

# ફ્રેંકલીન રૂઝવેલ્ટ સત્તાસ્થાને અને ન્યુડીલ કાર્યક્રમ

- 4 માર્ચ 1933, ફ્રેન્કલીન રૂઝવેલ્ટ પ્રમુખપદનો હોદ્દો ધારણ કર્યો
- **ન્યુડીલ:**

મહામંદી સમયનાં ગંભીર પ્રશ્નોને હલ કરવાં રૂઝવેલ્ટે અપનાવેલી ગૃહનીતિ એટલે ન્યુડીલ.

- **રેમોન્ડ મોલે** માને છે કે ,

  "**ન્યુડીલ** કોઇ વિશેષ વિચારસરણી કે સંગઠીત કાર્યક્રમ ન હતો. મુખ્યત્વે તો હિંમતપુર્વક પ્રયોગો કરવાની આ એક નીતિ હતી."

- **સેમ્યુઅલ મોરિસને** કહ્યું છે કે, ન્યુડીલ હતુ એના કરતા વધારે નવિન હતું.
- ન્યુડીલ નીતિના હતુંઓ 3R તરિકે ઓળખાય છે:

1. Relief : રાહત
2. Recovery : પુન:વિકાસ
3. Reform : સુધારા

# મહામંદીનો અંત લાવવા ફ્રેંકલીન રૂઝવેલ્ટે લીધેલાં પગલાં

- પ્રમુખપદ ધારણ કર્યાં બાદ ના 100 દિવસના સમય મા પસાર કરેલા ખરડા એટલા બધાં ક્રાંતિકારી અને ઝડપી હતા, કે તેને “**શાંતક્રાન્તિ**” કહી શકાય અને આ 100 દિવસ “**રાજકીય હનીમુન**” ગણવામાં આવે છે
- **“ઇમર્જન્સી બેન્કીંગ રિલીફ એક્ટ”** ધારો પસાર કર્યો જેમા બેંકો ની સધ્ધરતા તપાસવામાં આવી.

- ફેડરલ ઇમરજન્સી રિલિફ એડમિનિસ્ટ્રેશન અને સિવિલ વર્ક એડમિનિસ્ટ્રેશન ની સ્થાપના કરવા માં આવી
- ઇ.સ 1935 ના મે માસ મા CWA ના સ્થાને વર્ક્સ પ્રોગ્રેસ એડમિનિસ્ટ્રેશન (WPA) શરૂ કર્યું.
- ઇ.સ. 1933 માં સિવિલિયન કોન્ઝર્વસન કોર્પ્સ (C.C.C) સંસ્થા રચાઈ.
- ઇ.સ. 1933 માં એગ્રીકલ્ચર એડજસ્ટમેન્ટ એક્ટ (A.A.A) લાગુ પડયો .
- ઇ.સ. 1933 મા હોમ ઓનર્સ લોન કોર્પોરેશન સંસ્થા ની સ્થાપના કરી.

- ફેડરલ ફાર્મ મોર્ટગેજ રિફાઇનાન્સ એક્ટ ઇ.સ. 1934 મા પસાર કર્યો
- નેશનલ ઇન્ડસટ્રીઅલ રિકવરી એક્ટ (N.I.R.A.) દ્વારા ઉધ્યોગો સ્થિર કરવાના પ્રયત્નો કરવામાં આવ્યા.
- રૂઝવેલ્ટ ની ન્યુડીલની અત્યંત સફળ યોજનામા ની એક યોજના **ટેનેસિ વેલી ઓથોરિટિ (T.V.A.)** હતી.
- દેવાના વિનાશક બોજમાથી અર્થતંત્ર ને ઉગારી લેવા પ્રૃમુખ રૂઝવેલ્ટે સુવર્ણધોરણ નો ત્યાગ કરી ક્રાંતિકારી પગલું ભર્યું
- તેણે કેટલાક સામાજિક સલામતી માટેના ધારાઓ બનાવ્યા જેમા મહત્વનો સોશિયલ સિક્યોરીટી એક્ટ 1935 હતો.

# ન્યુડીલ અને સર્વોચ્ચ અદાલત

- રૂઝવેલ્ટે પ્રથમ સો દિવસ મા જે કાયદા પસાર કર્યાં હતા તેને અમેરિકાની સર્વોચ્ચ અદલતે ગેરબંધારણીય જાહેર કર્યાં.
- આથી રૂઝવેલ્ટે અકળાઇને ન્યાયધીશે 70 વર્ષ ની વયે ફરજિયાત નિવૃતિ સ્વિકારી લેવાની દરખાસ્ત કરી અને ઇન્કાર થાય યો તેના સ્થાને નવા ન્યાયધીશ ની નિમણુક કરવી... આમ ન્યાયધીશ ની સંખ્યા 9 થી વધારી ને 15 કરવામાં આવી.
- આ દરખાસ્ત નો ઠેર ઠેર વિરોધ થયો.
- ઉમરલાયક ન્યાયધીશ ની મૃત્યુ થતા નવા ન્યાયધીશ નિમવાની તક મળી અને 4 વર્ષ મા આખી અદાલત જ બદલાઇ ગઈ!

# ન્યુડીલ અને નિગ્રો

- મહામંદી ને લીધે નિગ્રો એ ઘણુ સહન કરવુ પડ્યુ હતુ.
- મંદીને લીધે તેઓ બેકાર બન્યા હતા કેમકે શરીરશ્રમ જેવા કાર્યો પણ ના છુટકે ગોરાઓ કરતા.
- પ્રમુખ રૂઝવેલ્ટ ને નિગ્રો માટે ઘણુ માન હતુ.
- તેમણે કેટલાક નિગ્રોને જવાબદારીવાળા સરકારી હોદ્દાઓ આપ્યા હતા.

# રૂઝવેલ્ટની ન્યુડીલની સમીક્ષા

- ન્યુડીલ ના કાર્યક્રમને મોટાભાગનાં લોકોએ કૃતજ્ઞાપુર્વક સ્વિકારી લિધો અને રૂઝવેલ્ટ કારોડો લોકોનાં આરાધ્ય દેવ બન્યા.
- મજુરો અને ખેડુતો તો તેમના પુજક બન્યા હતા.

- **ખામીઓ:**

ફ્રાન્સીસ વ્હિટનીના કેહવા મુજબ,

“ કેટલાક કયદાઓ તો ખરેખર એકબીજાનાં વિરોધિ હતા પરંતુ આટલી જટિલ પરિસ્થિતિનો આટલી ઉતાવળથી ઉકેલ લાવવામાં આવે ત્યારે કેટલિક અવ્યવસ્થા જરુર સર્જાય.”

- **ફાયદાઓ:**

1. પંડિત નહેરુ ના મત મુજબ, “ન્યુડીલના કાર્યક્રમને લીધે ભાવો અને વેપાર મા સુધારો થયો. પરાજયનુ માનસ પણ મોટેભાગે નષ્ટ થયુ અને આમપ્રજા અને મધ્યમ વર્ગ ના લોકોનો પ્રમુખ પરનો વિશ્વાશ ખુબ વધી ગયો અને તેની સરખામણી લિંકંન સાથે થવા લાગી.”

2. નેવિનન્સ અને કોમેજર ના મતે ,
“ન્યુડીલ કાર્યક્રમ સૈધાન્તિક રીતે લોકતાંત્રિક અને પધ્ધતિની દૃષ્ટિ એ વિકાસલક્ષી હતો”

3. લોકોને રાષ્ટ્રિય બાબતો મા રસ જાગ્યો ‘રૂઝવેલ્ટ ક્રાંતિ’ વિના અમેરિકન સમાજ ભાંગી પડ્યો હતો.

4. દેશમાં નાણાકીય માળખામાં અને કૃષિતંત્ર મા લોકોની ફરીથી વિશ્વાશ પેદા કર્યો તે આ ક્રાંતિની સૌથી મોટી સિદ્ધિ છે.

- **મુલ્યાકંન:**

1. ન્યુડીલ સમૃદ્ધિની પુન:સ્થાપના કરી શક્યુ ન હતુ, પરંતુ પ્રજાકીય બાબતોના ક્ષેત્રે તેણે એક નવો જુસ્સો પ્રગટ કર્યો હતો.

2. સરકારે ભૂખે મરતા લોકો માટે કામ સોધી કાઢવું જોઇએ એવી ન્યુડીલની દ્રઢ માન્યતાને લીધે નિરાશામાંથી આશા પ્રગટી હતી.

3. પ્રશ્ચિમીરાજ્યો મા બાંધેલા બંધો, ગ્રામ્ય વિસ્તારોનું વિધ્યુતિકરણ, જમીનની ફાળવણી, ટી.વી.એ દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ સાંસ્કૃતિક યોજનાઓ તેની સંતોષકારક સિદ્ધિઓ હતી.

# આભાર